## ડાયરેક્ટ ❤ સે

સંબંધ એ નથી
કે તમે
કોની પાસેથી
કેટલું સુખ મેળવો છો !
સંબંધ તો એ છે
તે તમે
કોના વિના કેટલી
એકલતા અનુભવો છો

## જન્મદિને વધામણી



અશ્વિન કે વ્યાસ (કૂકર)
પત્રકાર, અકિલા
પૂર્વ કોર્પોરેટર, મનપા
મો. ૯૮૨૫૦ ૩૯૦૪૯



સ્તુતિ નિલેશ પટેલ
મો. ૯૯૭૪૧ ૦૩૭૪૧



મોહિત કનુભાઈ પટેલ
મો. ૭૦૪૮૨ ૯૫૩૮૬



ધનવી મયુર જોષી

# ઈન્ફોસિટી સ્કૂલ ખાતે નવરાત્રીની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૩
ઈન્ફોસિટી શાળામાં આદ્યશક્તિ મા અંબાની આરાધના અર્થે નવરાત્રી મહોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગરબા અને રાસની રમઝટ બોલાવી હતી. ધોરણ-૬થી ૧૨ અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના તમામ વિદ્યાર્થીઓ, મૅનેજિંગ ટ્રસ્ટી દલસાણિયાસર, ટ્રસ્ટી ઉષાબેન, ભાવનાબેન, પ્રમુખ વૈષ્ણવસર, પ્રિન્સિપાલ અમિતાબેન અને પ્રવીણાબેન, સંયોજક રાહુલભાઈ, સુપરવાઈઝર દિપ્તીબેન તથા સ્ટાફમિત્રો પણ વિદ્યાર્થીઓ સાથે આ ઉજવણીમાં ઉત્સાહથી જોડાયા હતા. સૌએ ધારણ કરેલી પરંપરાગત વેશભૂષાથી ભાતીગળ માહોલનું સર્જન થયું હતું.

# એસ. જી. અંગ્રેજી સ્કૂલની વિદ્યાર્થિનીઓ ખો-ખોની રમતમાં રાજ્યકક્ષાએ પહોંચી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓ અન્ડર-૧૪ વિભાગમાં રાજ્યકક્ષાની ખો-ખો સ્પર્ધામાં ભાગ લેવા માટે સુરેન્દ્રનગરના વઢવાણ પહોંચી છે. તાજેતરમાં પ્રદેશકક્ષાએ વિજય બાદ આ ટીમની પસંદગી રાજ્યકક્ષાની આ સ્પર્ધા માટે થઈ હતી. સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય મિલી સિંઘે ટીમને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

# સરકારી વિનયન કૉલેજની સિદ્ધિ



શ્રી પી. એચ. જી. મ્યુનિસિપાલ્ટી આર્ટ્સ અને સાયન્સ કોલેજ, કાલોલ દ્વારા ગાંધી જયંતિના અવસરે લેવાયેલ **"WhatsApp Online Quiz"**માં સરકારી વિનયન કોલેજ સેક્ટર-૧૫ વિદ્યાર્થી ભૂપતસિંહ ચૌહાણ પ્રથમ ક્રમે વિજેતા બન્યા છે, જેમને પ્રો.મોહમ્મદ સાકીબ પટેલ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્ય ડો. હિમ્મત ભાલોડીયા, તથા સમગ્ર કોલેજ પરિવારે વિજેતા વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવે છે.

# ગાંધીનગરનાં કલાકાર અમી બુચ ઓર્ગનવાદનમાં રાજ્યમાં પ્રથમ




ગુજરાત સરકાર દ્વારા અંકલેશ્વર ખાતે આયોજિત રાજ્યકક્ષાના કલા મહાકુંભ-૨૦૧૮ માં ગાંધીનગરનાં કલાકાર કુ. અમી બુચ ૬થી ૧૪ વર્ષના વયજૂથ માટેની ઓરગન વાદન સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજયી થયાં છે. ગાંધીનગરને ગૌરવ અપાવનાર આ ગરવાં ખેલાડી પ્રતિ ગાંધીનગરના કલાપ્રેમી નાગરિકો તરફથી અભિનંદન વ્યક્ત થઈ રહ્યા છે.

### સરકારી વિજ્ઞાન કૉલેજના તૃતિય વર્ષમાં અભ્યાસ કરતા બૉટની વિષયના

# વિદ્યાર્થીઓ વઘઈ-સાપુતારાના પ્રવાસે

ગાંધીનગર, તા. ૧૩
સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫ના ટી. વાય. બી. એસ. સી, બોટનીના વિદ્યાર્થીઓએ વઘઈ બોટનીકલ ગાર્ડન અને સાપુતારા વન્ય વિસ્તારનો શૈક્ષણિક પ્રવાસ કર્યો હતો, જ્યાં તેમણે જૈવ-વિવિધતા સાથે અલભ્ય અને અપ્રાપ્ય વનસ્પતિઓનો અભ્યાસ કર્યો હતો અને તેના ઔષધિય ઉપયોગ અંગે માહિતી પ્રાપ્ત કરી હતી.



શૈક્ષણિક પ્રવાસની સાથે વિદ્યાર્થીઓએ પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી અંર્તગત દાંડી સ્થળ અને પ્રાર્થના સ્થળ ની મુલાકાત લીધી હતી અને મીઠાના સત્યાગ્રહ તથા દાંડીકુચના ઈતિહાસ વિશે વધુ માહિતી પ્રાપ્ત કરી ગાંધીવંદના કરી હતી. આ સમગ્ર પ્રવાસનું સફળ આયોજન સંસ્થાના પ્રો. ડો. પી. પી. પ્રજાપતી, ડૉ. આર. એન. મારૂ, વાય.એસ.ચૌધરી દ્વારા સંસ્થાના આચાર્ય ડો. કે. જી. છાયાના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું.

### ગાંધીનગર શહેરમાં સતત ૧૪મા વર્ષે

# 'બાળુડાના ગરબા'નું અવિસ્મરણીય આયોજન





ગાંધીનગર, તા. ૧૨
માનસિક-શારીરિક વ્યક્તિઓ માટેના વિશિષ્ટ ગરબા કાર્યક્રમ 'બાળુડાના ગરબા'નું આયોજન સતત ૧૪મા વર્ષે અપ્રતીમ સફળતાને વર્યું હતું. ૨૫૦થી વધુ વિશિષ્ટ ખેલૈયાઓ, ૫૦૦થી વધુ સામાન્ય ખેલૈયાઓ અને એટલા જ પ્રેક્ષકોએ સાથે મળીને આ કાર્યક્રમને યાદગાર બનાવી દીધો હતો.

થનગનાટ ગરબા ગ્રાઉન્ડ, સૅક્ટર-૧૧ ખાતે આયોજિત આ અનોખા ગરબા કાર્યક્રમમાં બાળુડાઓને સેવાભાવી નાગરિકોએ હથેળીમાં રાખ્યાં હતાં. થનગનાટ આર્ટ ઍન્ડ કલ્ચરલ ક્લબ, માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેના ઍજ્યુકેશન સૅન્ટર 'વિશેષ' ઉપરાંત કિશોર ક્લાસીસ, કેઍસવી કૉલેજ બોય્ઝ હૉસ્ટેલ અને જલિયાણ સેવા ગૃપ જેવી સંસ્થાઓએ બાળુડાઓને અવિસ્મરણીય સરભરા પૂરી પાડી હતી. પ્રૉફેશનલ ફોટોગ્રાફર્સ ગૃપ દ્વારા યાદગાર ફોટોગ્રાફીની સેવાઓ આપવામાં આવી હતી અને હંમેશની જેમ અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઉત્સાહી અને સંવેદનશીલ વિદ્યાર્થીઓ તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલની વિદ્યાર્થિનીઓએ બાળુડાઓ સાથે સતત ગરબા રમીને 'પોતાની કુદરતી પરિસ્થિતિને કારણે સામાન્ય સમાજથી દૂર રહેલાં વિશિષ્ટ વ્યક્તિઓને સમાજની નજીક લાવવાનો' આ કાર્યક્રમનો હેતુ સુપેરે સિદ્ધ કરી બતાવ્યો હતો.


જી ઈ ક્લબ, 'ગ્રો' અને ગાંધીનગર પેરેન્ટ્સ એસોસિએશન ફોર મેન્ટલી ચેલેન્જડ "સાધના"દ્વારા સાથી સંસ્થાઓના સહકારથી આયોજિત આ વિશિષ્ટ ગરબા કાર્યક્રમમાં માનવસ્મૃતિ શાળા (નારદીપુર), સમર્પણ મૂક-બધિર શાળા (સેક્ટર-૨૮), અંધ શાળા (સેક્ટર-૧૬), સદ્ભાવ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર (સેક્ટર-૧૩), સ્મૃતિવિકાસ શાળા (પ્રાંતિયા), સંવેદન (સેક્ટર-૬)ના વિદ્યાર્થીઓ ઉપરાંત ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા માનસિક-શારીરિક વિશિષ્ટ વ્યક્તિઓ, તેમના પરિવારજનો ઉત્સાહથી જોડાયા હતા.

આ વિશિષ્ટ કાર્યક્રમને વધાવવા દિવ્યાંગો માટેના વિભાગના કમિશનર ડી એન પાંડેય, વિશેષ સ્કૂલના અનુપભાઈ પરીખ, દિપાલીબેન અને ચિરાગભાઈ ઉપાધ્યાય, નગરના સિનિયર સમાજસેવક જયેન્દ્રભાઈ પરીખ, નગરસેવક હર્ષાબા ધાંધલ, નીલાબેન શુક્લ, જયરાજસિંહ વાઘેલા, અગ્રણી સતિષ વ્યાસ, મેહુલ અગ્રવાલ, અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા, સિનિયર અધ્યાપક ડૉ. સુજલ પાઠક, ડૉ. રણછોડ રથવી અને અધ્યાપકોની ટીમ, બૅન્ક ઑફ ઈન્ડિયાનાં પુષ્પા ચૌધરી, જેપી ગુપ્તા અને મનોજ કુમાર, ઍમ બી પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન, એઍફઍસ ગાંધીનગરનાં પ્રમુખ ડૉ. વર્ષા પારેખ, એઍફએસના વિદેશી વિદ્યાર્થી કાન (તુર્કી) અને ઈપો (જાપાન), ઑલ ઈન્ડિયા પૅરેન્ટ્સ ઍસોસિએશ 'પરિવાર'ના ખજાનચી ભાનુભાઈ ચૌહાણ, ગાંધીનગર સાહિત્યસભાના ઉપપ્રમુખ સંજય થોરાત, જલારામ મહિલા મંડળનાં ઉપપ્રમુખ જ્યોતિબેન ઠક્કર,, જલિયાણ સેવા ગૃપના નિલેષ પુજારા, પાર્થ ઠક્કર, ઉષાંગ પારેખ, નાટ્યકાર હસમુખ મૅકવાન, નીતિન પટેલ, દિપલ પરમાર, સાગર દેસાઈ, બ્રિજરાજસિંહ ઝાલા, આકાશ જૈન, નીરવ આચાર્ય, નર્તન ડાન્સ ઍકેડેમીનાં હાર્દિકાબેન અને મયંક ભટ્ટ, રાજેશભાઈ પટેલ, વીણાબેન વોરા, દિલીપસિંહ ઝાલા, મમતાબેન બુચ, ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી, યુવા સમાજસેવી દિવ્ય ત્રિવેદી, સમીર રામી, કોસ્મીક પનાસીઆ, અમદાવાદના આલ્ફ્રેડ લુકાસ, પરેશ પારેખ, મનીષ પારેખ અને હેત ફાઉન્ડેશનના સંજય તન્ના, મીરા ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ બીજો મણકો ॥

તો વિચાર કરે કે હા મહેમાન આવ્યા હોય ત્યારે આપણે સાચું જાણતા હોય તોય બોલવું નહીં. તો એ પ્રલોભનથી સત્ય ઉપર આવરણ ચડાવે છે.





મનુષ્ય માત્ર સહજ સત્યને લઈને આવે છે. ભય એ એની પર ચડાવેલું આવરણ છે, લોભ એ એની ઉપર ચડાવેલું આવરણ છે. ને મોટો થાય તો મહત્ત્વાકાંક્ષા એ એની પર ચડાવેલું આવરણ છે. એવી જ રીતે જુદી જુદી રીતના આવરણો તો બધાં બહુ ચડે, પણ મૂળ વસ્તુ સહજ હોય એ છે સત્ય. આ સત્ય કોઈપણ વસ્તુને ન સમજે તો એને સ્વીકારવા ન તૈયાર થાય અને એને પડકાર આપવા તૈયાર થાય ત્યાં સુધી એણે એ સત્યને સ્વીકાર્યું અને એ પડકાર જો પોતાને માટે કષ્ટકર હોય તો એ કષ્ટ વેઠવા માટે પણ વેઠવા માટે પણ તૈયાર થાય. એમાં ગાંધીએ પોતાના સત્યને વધારે મજબૂત કર્યું. બહુ સાદી વ્યાખ્યા કરી એણે મનમાં હોય તેવું બોલવું ને બોલીએ તેવું આચરવું એટલે સત્ય. બહુ સાદી વાત. મન વચન અને કર્મની એક વાક્યતા. એની ઉપર ફિલોસોફીમાં તો મોટાં મોટાં પુસ્તકો લખાયાં છે. પણ ગાંધીજીએ તો એની સરળ વ્યાખ્યા કરી કે જેવું દિમાગમાં આવે એવું એક શબ્દ બોલાય. પછી એમ થાય કે આ ક્યાં આવી પડ્યો. અત્યારે તો હું ફિલમ જોવા જવાની હતી ને આ મહેમાન... ઓ હો તમે આવ્યા તો સારું કર્યું. હવે મનમાં એમ હોય કે આ ક્યાં આવી પડ્યો ને પછી એમ કહે કે તમે આવ્યા તો બહુ સારુ થયું. મનમાં એક વાણીમાં બીજું. મનમાં એક આચરણમાં ત્રીજું.

૧૫૦ ગાંધીયાત્રા

આમ અસત્ય આપણા આચરણમાં પહોંચતું જાય છે. આમણે આપણને સત્ય કેવી રીતે જીવવું એટલું દેખાડ્યું. એની વાત કહેવા માટે આવ્યો છું. હું આ વાત કહું છુ એનું મોટું કારણ એ છે કે એનું એક ફળ છે એ ફળને માટે આપણી ભાષામાં એક સુંદર શબ્દ છે. એ ફળનું નામ છે આનંદ. સુખ નહીં હો. આનંદ. શરીરથી મળે તે સુખ અને આત્મા અનુભવે તે આનંદ. એટલે આ જે ઈન્દ્રિયો મારફત મળેલા સુખની વાત નથી કરતો, અંતરથી મેળવેલા આનંદની વાત કરું છું. એટલે આ જે કથા જે હું કરું છું એનો ઉદ્દેશ શું એમ જો મને પૂછે છે તો હું કહું છું કે આ ગાંધીની વાત કરતાં મને આનંદ થાય છે અને મારે એ આનંદની વહેંચણી કરવી છે. એટલે હું કહું છું કે મેં તો ઉમંગની લ્હાણી કરવા માટે આ કથા કરવા માંડી છે.

આવો જેને કરવી હોય ઉજાણી રે, માંડી મેં તો મનના ઉમંગ કેરી લ્હાણી રે....

આ ગાંધીની કથા કરવાનું બીજું એક કારણ એ છે કે હું ભાળી રહ્યો છું કે ગાંધી વિચારનો પુનરુત્થાન થઈ રહ્યો છે. એક આખી દુનિયાના પ્રવાહ તરીકે એ વિચાર સ્વરૂપમાં બદલાયેલો હોય પણ તત્ત્વમાં એ જ તત્ત્વ જાળવતો હોય, એવી રીતે પ્રગટ થવા મથી રહ્યો છે. પછી એ આઈન્સ્ટાઈન જેવા વિજ્ઞાનવીરો એમ કહે કે કદાચ ભવિષ્યની પેઢીઓને એ સમજાશે પણ નહીં કે આવો માણસ હાડમાંસનો માણસ એ આ ધરતી પર એ વિહર્યો હતો. એણે વિહાર કર્યો'તો કદાચ એમને ખ્યાલ પણ નહીં આવે. (આવનારી પેઢીઓ ભાગ્યે જ સ્વીકારશે કે હાડમાંસથી બનેલો આવો કોઈ માણસ આ પૃથ્વી પર વિહર્યો હશે.) પણ એ કહેવા માંગે છે કે આવી જાતના માણસ પણ હોઈ શકે એમ એમણે પોતાના સમકાલીનને જોયા છે. એવું એક મોટો વૈજ્ઞાનિક કહે છે. તો બીજી બાજુ લાખોનું જેનું સરક્યુલેશન છે એવું ટાઈમ મેગેઝીન ગયા હજાર વર્ષનો એક પુરુષ કોણ ? તો તેમાં પહેલો નંબર કહે છે કે તે આખા હજાર વર્ષનો માણસ જો કોઈ હોય તો તે ગાંધી. બિલકુલ બીજી જ જાતના માણસ છે. આઈન્સ્ટાઈનને મળવું હોય તો કંઈ કેટલાય પ્રયત્નો કરે તો માંડ એની સાથે મુલાકાત મળે. નહીંતર મોટોભાગે મુલાકાત પણ ન મળે. પોતાના ઓરડામાં બેસીને પ્રયોગો જ કરનારો માણસ. એ એમ કહે છે કે કદાચ આગલી પેઢીના લોકોને ખ્યાલ પણ ન હોય કે આવો માણસ છે. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ